ॐ Reg No. 79

સનાતન ભક્તજનોને માટે

નિર્ગુણ સગુણ અભેદ.

ॐकार स्वरूप.

॥ श्री महागणपति प्रार्थना. ॥

લેખક:—

બ્રહ્મવિદ્વરિષ્ઠ-સદ્ગુરુ યોગીરાજ શ્રીમત્

પ્ર. પ્ર. શ્રીપૂર્ણાનન્દસ્વરૂપ મહારાજ

લુણાવાડા.

પ્રકાશક:—

રસિકપ્રસાદ ભુલેશ્વર મહેતા,

શ્રી પશુપતિ મંદિર-લુણાવાડા.

કીંમત રૂ. ૦-૧-૦.



ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.



श्रीमद्गुरु गणेशो विजयंततगाम्.



નિર્ગુણ સગુણ અભેદ.

ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ પ્રાર્થના.

" શિખરીણિ વૃત્ત. "

પિતા માતા બન્ધુ, અખિલ રૂપ નારી નર વિભુ;
સહુ પોતે સ્વામી, નિજ વિણ જણાતું નહિ પ્રભુ;
અસારે સંસારે, જીવમતિ તણો ભેદજ અતિ;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૧
નથી મારૂં કોઇ; નહિજ જગમાં આશ્રય મને,
અતિ અન્યાયી તો, પણ શરણથી લાજ તમને;
નથી પૂજા ધ્યાનો, જપ તપ ન કો સાધન રતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૨
નથી જોતો દ્રષ્ટે સ્વરૂપજ " ગજાકાર " શ્રુતિથી,
ન સત્સંગે જાણી શ્રવણ રસ ગાથા સુમતિથી,

ન ચણીમાં [illegible] [illegible] [illegible] [illegible] ન સ્પૃશતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૩
નથી વાણી [illegible] [illegible] હેરમ્બ સમજી,
ઉતાર્યું ના [illegible], નિજ [illegible] [illegible] તીર્થજ હજી;
હજુ આ [illegible], [illegible] [illegible] દુર્વા ન ચઢતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૪
મહા માયા [illegible], [illegible] [illegible] અતી જોર કરતા,
બળાત્કારે [illegible], [illegible] [illegible] [illegible] લોભ—ધરતા;
ભુલાવી ભ્રાન્તિથી, [illegible] [illegible] રાખે કુરકૃતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૫
ગયો જન્મારો જો, [illegible] [illegible] બાલ મતિમાં,
યુવામાં ના [illegible], [illegible] [illegible] [illegible] કુમતિમાં;
થતાં વૃદ્ધાવસ્થા, શિથિલ [illegible] થાતાં પિંડ થતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૬
પરાણે પ્રીતિથી, [illegible] નહિં કાર્યો સુધરતાં,
જણાતું તો ત્યાગી, [illegible] થવા ના વિચરતાં;
પ્રભુ કેમે તારો !! અમુક અપરાધો તણિ મતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૭
ગુમાવી મૂડી જો [illegible] [illegible] દ્વિજે દેહ ધરતાં,
નથી થાતી હાવે, [illegible] કરણી પુણ્ય કરતાં;
શું થાશે ઓ સ્વામી !! કયમ કરી ટળે આ જીવગતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૮

સદા ક્લેશો દ્વેશો, રહી મન મતિ દ્વાર કુપતા,
રજો નિન્દા ચાડી, પિશુન ચુગલી ચોર છુપતા;
અતી ત્રાસુ દ્વૈતે, અભય પદ કેરી કયી ગતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૯
છુટે કંપારો જો, વિષય ભ્રમ વ્યાપ્તિ કકળતી,
અરે !! આ શું થાશે ! કદિ નથી છતાં કાય દમતી
મહાત્માના બોધો, સતત્ પરબ્રહ્મ પ્રકથતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૧૦
અરે !! કાયા કીચે, લપટ લપટાતાં કયમ થશે,
જશે ક્યારે ભ્રાન્તિ, સ્વરૂપ સમશા શાંતિ કરશે;
અરે !! કયારે પામું, નિગમ પદ આ પૂર્વની સ્થિતિ,
કૃપા દ્રષ્ટે: જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૧૧
ન જાણું વેદોના, ગહન રસ વાકયાર્થ વિગતે
ન શાસ્ત્રોના મર્મો, તદરૂપ તદાકારજ થતે;
ન વેદાન્તે પ્રીતિ, અનુભવ તણી લ્હેર ન થતી,
કૃપા દ્રષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૧૨
થતાં દ્વૈતાપત્તિ, સભર અવિનાશી વિસરતાં,
ગ્રહિ દ્વૈતે ભાચો, સુગમ થઇ દ્વૈતે વિરમતાં,
વિકલ્પો વૃદ્ધિથી, અહમમ ક્રિયા ઘાટ રચતી;
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ ૧૩
વિકલ્પે કલ્પાતું, કલન કલનામાં નર તનુ,
અધિષ્ઠાને થાતું, અરર ભ્રમ આ છાનું છપનું;

જીવો બ્રહ્મવે હો, સરિત ગમ સિન્ધુ સમ ગતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૪
શુકાદિ ઋષ્યાદિ, મુનિગણ મહા સ્તોત્ર ભણતા,
વિધી વિષ્ણુ શંભુ, નિશદિન સદા ધ્યાન ધરતા;
સગુણે નિર્ગુણે, સમ પદ પ્રકાશી પ્રભુ મતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૫
વિશેષે વેદાન્તે, નિજ રૂપ અસચ્છકિત વદતા
સદાદિત્યે સેવા, વિશતિ રૂપ વિષ્ણુ સુગમતા;
શિવં તૂર્યે સ્થાયી, અતિત પતિ સંજ્ઞા સુગમતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૬
અનાદિ આદ્યન્તે, નિજવિણ નહીં અન્ય વદતાં,
પ્રભુ પોતે વાસો, સકળ મહિમામાં સ્થિર થતાં;
કૃપાળુની દ્રષ્ટિ, અગમ નિગમે આદ્ય દશતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૭
શ્રુતિ સ્મૃત્યાદિનો, અખુટ રસ તે આપજ દિસો
પુરાણોના ભાવો, તદરૂપ તદાકાર વિલસો;
પ્રસિદ્ધિ વેદોમાં, પ્રણવરૂપ ગાતા ગુણ યતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૮
ત્રિગુણો ત્રિદેવો, ત્રિપદ જીવને માયિક ભણો;
ત્રિપાદોનો સાક્ષી, શિવ ઇતિ ચ તૂર્યે ઇશ ગણો,
પ્રભો !! તૂર્યાતીતે, સકળ ગત ॐ ॐ નિવસતિ;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ ૧૯

પ્રભુ "ॐ" ૐકારે, ચતુરપદ વેદો વરણવે,
અહા જ્યેષ્ઠો શ્રેષ્ઠો, નિગમ તુરીયાતીતજ સ્તવે;
સહુ રૂપે પોતે, સહુ થકી અતિતે નિજપતિ
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૨૦
નથી માયા ભ્રાન્તિ, જીવ ઇશ તણી છેજ કલના
નથી હું તું તે તો, જગત રચના એ વિકલના
ન સાક્ષી ત્રીપાદો, સહુ સ્વરૂપ આપે પ્રિયપતિ
કૃપા દૃષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૨૨
સ્વયં બ્રહ્મા વિષ્ણુ, શિવ શશિજ વન્હીન્દ્રથી વસો
રવી વાયુ વૃક્ષો, જલ થલ પશુ પક્ષી વિલસો,
નારો નારી બાલો, અખિલ સમ યોગી પ્રિયપતિ;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૨૩
કૃપાસિન્ધુ સ્વામી, પરમ પદ બ્રહ્માત્મજ વિભુ,
અભેદાત્મા સિદ્ધિ, પતિ ચરણ સેવા નિજ પ્રભુ
પરી પૂર્ણાનંદ, સ્વરૂપ ગણ સ્વામિ પ્રિયપતિ
કૃપા દૃષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ૨૪
નમીને પાદાબ્જે, દિનનિશ કરે કો જન કદી,
સ્તુતિ પૂજા ધ્યાને, પરમ પદ પામે દ્રઢ યદી;
જીવન્મુક્તિ જાણી, નિરતિશય લક્ષાતિત ગતી;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ. ૨૫

ૐ તત્સત્ હેરમ્બાર્પણમ્.

ૐ સમાપ્ત.